## (1) ન્યાયીક સમીક્ષાના સંદર્ભમાં નીચે પૈકી કયાં વિધાનો સાચાં છે ?

(1) અધિનિયમો અને કારોબારીના આદેશોની સંવૈધાનિક તપાસ કરવાની ન્યાયપાલિકાની શકિતને ન્યાયાયિક સમીક્ષા કહે છે.
(2) ભારતીય સંવિધાનમાં ન્યાયીક સમીક્ષાને આયરલેન્ડના બંધારણમાંથી લેવામાં આવી છે.
(3) અનુચ્છેદ 372(1) ભારતીય બંધારણ લાગુ થયા પહેલાંના કાયદાની ન્યાયિક સમીક્ષાની જોગવાઈ કરે છે.
(4) અનુચ્છેદ 245 સંસદ અને રાજ્યોની વિધાનસભાઓ દ્વારા નિર્મિત કાયદાઓનો ક્ષેત્રીય સીમા નક્કી કરવાની જોગવાઈની તપાસ કરે છે.

(A) આપેલ તમામ
(B) માત્ર (1), (3) અને (4)
(C) માત્ર (1), (2) અને (4)
(D) માત્ર (1), (2) અને (3)

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ હાલમાં જ સુપ્રીમ કોર્ટ દ્વારા સેંટ્રલ વિસ્ટા પરિયોજનાને વિશિષ્ટ યોજના તરીકે સ્વીકારવાની ના પાડી જેમાં ન્યાયીક સમીક્ષાની જરૂરિયાત હોય.
⇛ સર્વોચ્ચ ન્યાયાલયે ન્યાયલયની ભૂમિકા વિવિધ (કાયદા) અને સરકારી કાર્યોની સંવૈધાનિકતાની તપાસ કરવા સુધી જ સીમિત હોવાનું કહયું છે. વિકાસનો અધિકાર એક મૂળભૂત માનવ અધિકાર છે.
⇛ સેંટ્રલ વિસ્ટા પરિયોજનામાં રાષ્ટ્રપતિ ભવન, સંસદ ભવન, ઉત્તર અને દક્ષિણ બ્લોક–ઈન્ડિયાગેટ અને રાષ્ટ્રીય સંગ્રહાલયનો સમાવેશ થાય છે.

**ન્યાયીક સમીક્ષા**

⇛ ન્યાયીક સમીક્ષા અધિનિયમો અને કારોબારીના આદેશોની સંવૈધાનિકતાની તપાસ માટેની ન્યાયપાલિકાની શકિત છે.
⇛ ન્યાયીક સમીક્ષાને ઈન્દિરા ગાંધી VS રાજનારાયણ કેસ 1975 હેઠળ બંધારણની મૂળ સંરચના ગણવામાં આવે છે.
⇛ ભારતીય બંધારણમાં ન્યાયીક સમીક્ષાનો ખ્યાલ અમેરિકામાંથી લેવામાં આવ્યો છે.

**ન્યાયીક સમીક્ષાના પ્રકારો**

1. વિધાયી કાર્યોની સમીક્ષા વહીવટી કાર્યોની સમીક્ષા.
2. ન્યાયીક નિર્ણયોની સમીક્ષા

**ન્યાયીક સમીક્ષા સંબંધી બંધારણીય જોગવાઈઓ**

1. અનુચ્છેદ 372(1) : તે ભારતીય બંધારણ લાગુ થયાં પહેલાંના કાયદાઓનો સમાવેશ કરે છે.
2. અનુચ્છેદ 13 : તે કોઈપણ કાયદો મૌલિક અધિકારોનું ઉલ્લંઘન કરે તો શૂન્ય ગણાશે.
3. અનુચ્છેદ 32 અને 226 : સર્વોચ્ચ તથા હાઈકોર્ટને મૌલિક અધિકારોનાં ગેરંટીકર્તા બનાવે છે.
4. અનુચ્છેદ 251 અને 254 : કેન્દ્ર રાજ્યના કાયદામાં કેન્દ્રના કાયદાની સર્વોચ્ચતા.
5. અનુચ્છેદ 246(3) રાજ્ય સૂચિ પર રાજ્યોનો અધિકાર.
6. અનુચ્છેદ 245 : સંસદ અને વિધાનસભાના કાયદાઓની ક્ષેત્રીય સમીક્ષા નક્કી કરે છે.
7. અનુચ્છેદ 131-136 : સર્વોચ્ચ ન્યાયાલયની વ્યકિત, સંઘ અને રાજ્યોના વિવાદોમાં નિર્ણય લેવાની શકિત.
8 અનુચ્છેદ 137 : સર્વોચ્ચ ન્યાયાલયની પોતાના નિર્ણયની સમીક્ષા કરવાની શકિત.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## (2) 'ન્યુ અનુભવ મંડપ'ના સંદર્ભમાં નીચે પૈકી કયાં વિધાનો સાચાં છે ?

(1) તે કર્ણાટકના બસવકલ્યાણમાં બનાવવામાં આવશે.

(2) તે કવિ–દર્શનિક બસવેશ્વરાથી સંબંધિત છે.

(3) તે બસવેશ્વરા દ્વારા સ્થાપિત અનુભવ મંડપ સમાન જ બનાવવામાં આવશે.

(4) બસવેશ્વરાના અનુભવ મંડપને વિશ્વની પ્રથમ સંસદ માનવામાં આવે છે.

(A) માત્ર (2) અને (3)
(B) માત્ર (1), (2) અને (3)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ હાલમાં જ કર્ણાટકના મુખ્યમંત્રીએ બસવકલ્યાણમાં 'ન્યુ અનુભવ મંડપ'ની આધારશિલા રાખી. આ સ્થાન પર 12મી સદીના કવિ–દાર્શનિક બસવેશ્વરાએ પોતાનું મોટા ભાગનું જીવન પસાર કર્યું હતું.

**ન્યુ અનુભવ મંડપ**

⇛ તે 7.5 એકડ ભૂમિમાં છ માળની ઈમારત હશે. જે બરાવેશ્વરાના દર્શન અને સિદ્ધાંતોનું પ્રતિનિધિત્વ કરશે.

⇛ તે 12મી સદીમાં બસવેશ્વરા દ્વારા બસવકલ્યાણમાં સ્થાપિત અનુભવ મંડપ કે જે, વિશ્વની પ્રથમ સંસદ તરીકે ઓળખાય છે તે પ્રદર્શિત કરશે. આ બસવેશ્વરા દ્વારા સ્થાપિત 'અનુભવ મંડપ'માં અલગ અલગ દાર્શનિકો અને સમાજ સુધારકો દ્વારા વાદ–વિવાદ કરવામાં આવતો હતો.

⇛ આ મંડપ ચાલુક્ય શૈલીમાં બનાવવામાં આવશે.

**બસવેશ્વર**

⇛ ગુરૂ બસવેશ્વરા (1154-1168) એક ભારતીય દાર્શનિક, સમાજસૂધારક અને નેતૃત્વકર્તા હતા જેમણે જાતિવિહીન સમાજ બનાવવાનો પ્રયાસ કર્યો અને પ્રતિ અને ધાર્મિક ભેદભાવો વિરૂદ્ધ સંઘર્ષ કર્યો.

⇛ બાસવન્ના જયંતી એક વાર્ષિક કાર્યક્રમ હોય છે.

⇛ તેમનો જન્મ 1131માં બાગેવાડીમાં થયો હતો.

⇛ તેમને લિંગાયત સંપ્રદાયના સ્થાપક માનવામાં આવે છે.

⇛ તેમને લિંગાયત સંપ્રદાયના સ્થાપક માનવામાં આવે છે.

⇛ તેમના નેતૃત્વમાં 'વચન' આંદોલન થયું જે તમામનું કલ્યાણથી સંબંધિત હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (3) લેસન્ટ રિપોર્ટના સંદર્ભમાં નીચે પૈકી કયાં વિધાનો સાચાં છે ?

(1) આ અધ્યયન મુજબ ખરાબ વાયુ ગુણવત્તાને ભારતમાં પ્રેગનેંસી લોસ સાથે પ્રત્યક્ષ સંબંધ છે.
(2) આ અધ્યયનમાં P 2.5માં દરેક 10 માઈક્રોગ્રામ પ્રતિ ઘન મિટરનો વધારો ગર્ભાવસ્થાને નુકશાનની સંભાવનાને 5% વધારી દે છે.
(3) ક્ષેત્ર વિશિષ્ટ રીપોર્ટમાં ગર્ભાવસ્થાને નુકશાનના 77% મુદ્દાઓ એકલા ભારતમાં છે. જેમાં પાકિસ્તાન અને બાંગ્લાદેશ અન્ય દેશો છે.
(4) આ અધ્યયન પ્રાકૃતિક ગર્ભાવસ્થાને નુકશાન અને ગર્ભપાત વચ્ચે અંતર સ્પષ્ટ કરે છે.

(A) આપેલ તમામ (B) માત્ર (1), (2) અને (4)
(C) માત્ર (1) અને (3) (D) માત્ર (1) અને (4)

⇒ **જવાબ :- C**

**સમજૂતી :**
⇒ હાલમાં જ લેસન્ટે વાયુ પ્રદૂષણ અને ગર્ભવસ્થાને નુકશાન સંબંધિત એક રિપોર્ટ જાહેર કર્યો છે.
⇒ આ અધ્યયન અનુસાર ખરાબ વાયુ ગુણવત્તાને ભારત, પાકિસ્તાન અને બાંગ્લાદેશની પ્રેગનેંસી લોસ (ગર્ભાવસ્થા) નુકશાની સાથે પ્રત્યક્ષ સંબંધ છે.
⇒ આ અધ્યયનમાં, PM 2.5માં 10 માઈક્રોગ્રામ ઘન મીટરનો વધારો પ્રેગનેંસી લોસની સંભાવનાને 3% વધારી દે છે.

ક્ષેત્ર વિશિષ્ટ રીપોર્ટ
⇒ પ્રેગનેંસી લોસના કુલ કેસોમાં 77% ભારત, 12% પાકિસ્તાની અને 11% બાંગ્લાદેશમાં નોંધાયા છે.
⇒ પરંતુ આ અધ્યયન પ્રાકૃતિક ગર્ભાવસ્થાનું નુકશાન અને ગર્ભપાત વચ્ચે અંતર કરવામાં અસમર્થ છે, એટલે સંભવ છે કે, પ્રાકૃતિક ગર્ભવસ્થાના નુકશાન પર વાયુ પ્રદૂષણનો પ્રભાવ ઓછો આંકવામાં આવ્યો હોય.

વાયુ પ્રદૂષણ
⇒ વાયુ પ્રદૂષણ હવામાં ભૌતિક, રાસાયણિક કે જૈવિક પરિવર્તન કે જે, હાનિકારક ગેસો, ધૂળ અને ધુમાડો વગેરે દ્વારા હવા ખરાબ થાય તેનાથી સંબંધિત છે.
⇒ વાયુ પ્રદૂષણ ભોજન, ઉર્જા ઉત્પાદન, ઉદ્યોગો, પરિવહન, કૃષિ વગેરે દ્વારા થાય છે.

માનવ સ્વાસ્થ્ય પર પ્રભાવ
⇒ PM 2.5 અને PM 10 થી ભારતમાં 1,16,000 શિશુઓનુ મૃત્યુ થયું હતું.
⇒ ઘરેલુ વાયુ પ્રદૂષણથી દર વર્ષે 3.8 મિલિયન લોકોનું મૃત્યુ થાય છે.

ભારતનો પહેલો
1. NCR વાયુ ગુણવત્તા પ્રબંધન આયોગ
2. ભારત સ્ટેજ VI માપદંડ
3. મોનિટરિંગ એર ક્વોલિટી માટે ડેશબોર્ડ
4. વાયુ સ્વચ્છતા કાર્યક્રમ (રાષ્ટ્રીય)
5. રાષ્ટ્રીય વાયુ ગુણવત્તા સૂચકાંક
6. પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના
7. બ્રીડ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

(4) લોન્ગિટુડિનલ એજીંગ સ્ટડીઝ (LASI) ઓફ ઈન્ડિયાના સંદર્ભમાં નીચે પૈકી કયાં વિધાનો સાચાં છે ?

(1) આ રિપોર્ટ કેન્દ્રીય માનવ સંસાધન મંત્રાલય દ્વારા LASI વેવ-1 રિપોર્ટ તરીકે જાહેર કરવામાં આવે છે.
(2) આ રિપોર્ટ ભારતમાં ઉંમરવાળા લોકોનાં સ્વાસ્થ્ય, આર્થિક અને સામાજિક પરિણામોની વૈજ્ઞાનિક તપાસનું વ્યાપક રાષ્ટ્રીય સર્વેક્ષણ છે.
(3) LASI ભારતનું પ્રથમ અને વિશ્વનું સૌથી મોટું સર્વેક્ષણ છે.
(4) LASI વેવ-1માં 40 વર્ષથી ઉપરના કુલ 72,250 લોકો અને તેમનાં જીવનસાથીને કવર કરાયા હતાં.

(A) માત્ર (2), (3) અને (4) (B) આપેલ તમામ
(C) માત્ર (1), (3) અને (4) (D) માત્ર (2) અને (3)

⇒ જવાબ :- D

**સમજૂતી :**

⇒ હાલમાં જ કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા લોન્ગિટુડિનલ એજીંગ સ્ટડીઝ ઓફ ઈન્ડિયા (LASI) વેવ-1 રીપોર્ટ જાહેર કર્યો છે.

**LASI**

⇒ આ રીપોર્ટ ભારતમાં ઉંમરવાળા લોકોનું સ્વાસ્થ્ય, આર્થિક અને સામાજિક નિર્ધારકો અને પરિણામોની વૈજ્ઞાનિક તપાસનું વ્યાપક રાષ્ટ્રીય સર્વેક્ષણ છે જેને 2016માં માન્યતા અપાઈ હતી.

⇒ આ ભારતનું પ્રથમ અને વિશ્વનું સૌથી મોટું સર્વેક્ષણ છે જે સામાજિક, સ્વાસ્થ્ય અને આર્થિક ખુશીના આધારે વૃદ્ધ આબાદી માટે નીતિઓ અને કાર્યક્રમ ઘડવા માટે લોન્ગિટુડીનલ ડેટાબેસ આપે છે.

**સર્વેક્ષણમાં જોડાયેલ એજન્સીઓ**

⇒ MOHFWનો વૃદ્ધો માટે રાષ્ટ્રીય કાર્યક્રમમાં હાર્વર્ડ સ્કુલ ઓફ પબ્લિક હેલ્થ, યુનિવર્સિટીઓ સદર્ન કેલિફોર્નિયા, સંયુક્ત રાષ્ટ્ર જનસંખ્યા કોષ અને નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ એજીંગ તથા મુંબઈની ઈન્ટરનેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ પોપ્યુલેશન સાયન્સ (IIPS) જોડાયેલી છે.

**સર્વેક્ષણ**

⇒ LASI વેવ-1માં 45 વર્ષ ઉપરનાં 72,250 વ્યકિતઓ અને તેમનાં જીવન સાથીના બેઝલાઈન સેમ્પલને કવર કરવામાં આવ્યાં હતા. તેમાં 60 વર્ષ ઉપરનાં 31464 અને 75 વર્ષ ઉપરનાં 6749 જોડાયેલાં છે. સિક્કિમ સિવાયના બધાં રાજ્યો/UTSમાંથી લેવામાં આવ્યાં હતાં.

રાષ્ટ્રીય વૃદ્ધજન સ્વાસ્થ્ય દેખભાળ કાર્યક્રમ (NPHCE)

⇒ આ કાર્યક્રમનો ઉદેશ્ય સેવા નિવૃતિ બાદ આવકમાં ઘટાડો અને આશ્રિત વૃદ્ધ મહિલાઓ માટે MOHFW દ્વારા આ કાર્યક્રમ લાગુ કરાયો છે.

⇒ દેશના તમામ 60 વર્ષથી વધુ ઉંમરના લોકો લાભાર્થી બની શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (5) રાષ્ટ્રીય કામધેનુ આયોગના સંદર્ભમાં નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(1) રાષ્ટ્રીય કામધેનુ આયોગે કામધેનુ ગૌ–વિજ્ઞાન પ્રચાર–પ્રસાર પરીક્ષા લેવાની ઘોષણા કરી છે.

(2) આ આયોગ રાષ્ટ્રીય ગોકુલ મિશનનું અભિન્ન અંગે છે.

(3) આ આયોગ પશુપાલન અને ડેરી વિભાગ હેઠળ કાર્યરત છે.

(4) આ આયોગ સિમાંત ખેડૂતો, મહિલાઓ અને યુવા ઉદ્યમીઓની આજીવિકા પર વધુ ભાર આપે છે.

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (1), (3) અને (4)

(C) માત્ર (1), (2) અને (3) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ હાલમાં જ રાષ્ટ્રીય કામધેનુ આયોગ (RKA)એ ગાયોના મહત્ત્વ વિશે લોકોમાં રૂચિ વધારવા માટે 'કામધેનુ ગૌ–વિજ્ઞાન પ્રચાર–પ્રસાર પરીક્ષા અને ગૌવંશ માટે તેમને 'જાગરૂત અને શિક્ષીત' કરવાની ઘોષણા કરી છે.

**RKA (રાષ્ટ્રીય કામધેનુ આયોગ)**

⇛ રાષ્ટ્રીય કામધેનુ આયોગ ગાયોના સંરક્ષણ માટે પશુપાલન અને ડેરી વિભાગ હેઠળ સ્થાપિત એજન્સી છે.

⇛ RKAનો હેતુ ગાયો અને સંતાનોનું સંરક્ષણ, પાલન, સુરક્ષા અને વિકાસ તથા પશુ વિકાસ કાર્યક્રમો માટે દિશા–નિર્દેશ આપવાનો છે.

⇛ RKA નાના અને સિમાંત ખેડૂતો, મહિલાઓ અને યુવા ઉદ્યમીઓની આજીવિકા પર ભાર આપે છે.

⇛ આ આયોગ રાષ્ટ્રીય ગોકુળ મિશનના અભિન્ન અંગ તરીકે કાર્ય કરે છે.

**રાષ્ટ્રીય ગોકુળ મિશન**

⇛ રાષ્ટ્રીય ગોકુળ મિશન પ્રજનન ક્ષેત્રમાં પ્રજનન અને વર્ગ રહિત ગૌવંશની આબાદી અને આનુવાંશિક વિકાસ દ્વારા દેશી નકસ્લોનો વિકાસ અને સંરક્ષણ કરવાનો છે.

⇛ આ માટે 2025 કરોડની ધનરાશિ સાથે 2014માં શરૂ કરવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR WHATSAPP GROUP**

joinicerajkot.com

**JOIN OUR TELEGRAM**

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

**Facebook**

*like* | *comment* | *share*

ICE RAJKOT

**twitter**

ICE RAJKOT